જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૩/૦૭/૨૦૨૩    સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૦૭૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૩૮ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૩૭ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૯૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૦૭૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ-    સમાચાર યાદી નં.૧૦૭૫/૨૦૨૩

**પાલડીઃ** આયુષભાઇ કેતનભાઇ ઠક્કર (રહે.અશ્લેસ એપાર્ટમેન્ટ ડોમીનોઝ પીઝા પાછળ પાલડી ભઠ્ઠા) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૭/૨૦૨૩ કલાક ૧/૦૦ થી સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાલડી ભઠ્ઠા આનંદ શોપીંગ સેન્ટર ખાતે આવેલ “ક્રિષ્ના પાન પાર્લર” નામની દુકાનના શટરનું તાળું તોડી અજાણી વ્યક્તિ પાર્લરમાં પ્રવેશ કરી ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.શુક્લ ચલાવે છે.

### ભેખડ નીચે દટાઇ જતા મૃત્યુઃ-    સમાચાર યાદી નં.૧૦૭૬/૨૦૨૩

**નરોડાઃ** નરોડા દહેગામ રોડ નરોડા ઉપર દહેગામ સર્કલ નજીક સુર્યાંશ સેરેનેટી નામની નવી બનતી સાઇટ ખાતે રહેતા અને જયસ્વાલ સમાજવાડી સાઇડ ખાતે મજુરી કામ કરતા અનીતાબહેન વિકાસ નિનામા (ઉ.વ.૨૩) (મૂળ વતન. ગામ-કાજલી ડુંગરી તા-મેઘતનગર થાના રંભાપુર જી-જાબુઆ મધ્યપ્રદેશ) તા.૦૧/૦૭/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે જયસ્વાલ સમાજવાડી સાઇટ તથા એક્તા ઇંડસ્ટ્રીયલ એસ્ટેટ વચ્ચે કામ કરતા હતા ત્યારે વરસાદના કારણે ભેખડ ધસી પડતા દબાઇ જતાં તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એસ.ડાભી ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૭/૨૦૨૩**

**નિકોલઃ** શારદાબહેન વા/ઓ દલપતભાઈ વાઘેલા (રહે. ઘરવિહોણા પ્લોટ કેડીલા બ્રિજ પાસે ઘોડાસર) તા.૦૨/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે નિકોલ ડી માર્ટ પાછળ તીર્થભુમી રેસીડેન્સી મકાન નંબર બી/૪૦૨ ખાતે વાસ્તુપૂજન હોય ત્યાં કેટરિંગનું કામ કરતા હતા ત્યારે ડેકોરેશનમાં લોખંડનો પંખો ગોઠવતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને નિકોલ અક્ષર હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશવાહ ચલાવે છે.

**નવમાં માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૮/૨૦૨૩**

**બોડકદેવઃ** એસ.પી.રીંગ રોડની બાજુમાં સ્પર્શ રેસીડન્સી નામની નવી બનતી સાઈટ ખાતે મજુરી કામ કરતા રવિન્દ્ર લુગુનની બે વર્ષની પુત્રી જીયા તા.૦૨/૦૭/૨૦૨૩ સવારના ૮/30 વાગ્યાના સુમારે નવમા માળની બાલ્કનીમાંથી રમતા-રમતા નીચે પડી જતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને બોપલ ધુમા રોડ ઉપર આવેલ ચાઈલ્ડ કુડ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એલ.ઉપાધ્યાય ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૭૯/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** સાગરભાઇ દિનેશભાઈ રાણા (ઉ.વ.૨૭)(રહે.ગોકલપુર ભીલ વાસ રેડીયો મીર્ચી ટાવર પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા સરદારબ્રિજ પાસે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૧૧ નજીક સાબરમતી નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**સરખેજઃ** શબાના વા/ઓ ઇકબાલશા દિવાન (ઉ.વ.૨૬) (રહે. મીમનગર-૦૨ ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૬/૨૦૨૩ કલાક ૧૦/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમેને સોલા સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૭/૨૦૨૩ કલાક 3/30 વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**રામોલઃ** ગોરિસા ડો/ઓ મયુરકુમાર દવે (ઉ.વ.૧૭) (રહે. ન્યુ કામદાર સોસાયટી વિભાગ-૦૧, રાજેન્દ્રપાર્ક ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

**નારોલઃ** અનુ વા/ઓ રજ્જત હુડ્ડા (ઉ.વ.૨૭)(રહે.શૌર્ય રેસીડેન્સી, નારોલ કોર્ટ સામે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૭/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી